જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/03/૨૦૧૮ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૫૩૨/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૩૧૫ લીટર દેશી દારૂ, ૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, અને ૪ સ્કૂટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૨૦ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૫૨,૯૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૫૩૩/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૫૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૫૩૪/૧૮

**અમરાઈવાડીઃ** રાહુલ કુમાર વિજયકુમાર જૈન (ઉ.વ.૨૧) (રહે. શિવાનંન્દનગર નાગરવેલ હનુમાન પાસે અમરાઈવાડી) એ તા.૧૭/03/૧૮ નારોજ અમરાઈવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૦૬/૨૦૧૭ થી તા.૧૫/૦૬/૨૦૧૭ સુધીના સમયગાળા દરમ્યાન અજાણી વ્યક્તિએ રાહુલ જૈનના એસ.બી.આઈ.ના ખાતામાંથી યેનકેન પ્રકારે ઓનલાઇન પોર્ટલમાંથી કુલ ૧૪ ટ્રાંજેક્શન કરી રૂપિયા ૭૦,૧૧૨/- ઓનલાઇન ટ્રાંજેક્શન કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ઓ.એમ.દેસાઇ ચલાવે છે.

## લુટની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૫૩૫/૧૮

**ઓઢવઃ** અભિષેકભાઇ ઉર્ફે સતીષભાઇ વિરચંદભાઇ જૈન (ઉ.વ.૩૦) (રહે. વૃધ્ધિ એપાર્ટમેન્ટ ધનલક્ષ્મી સોસાયટી પાસે ગોપાલ ટાવર મણીનગર) તા.૧૬/03/૧૮ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે ઓઢવ અંબિકાનગર મેટસો મીનરલ નામની કંપની સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે ત્રણ અજાણ્યા પુરૂષો અભિષેકભાઈને ઉભા રખાવી ઝપાઝપી કરી અભિષેકભાઈનુ એવીયેટર સ્કુટર નંબર જીજે ૦૧ ઈ.ડબલ્યુ. ૫૧૯૫ કિમત રૂપિયા ૩૦,૦૦૦/- લઈ નાસી ગયા હતા. એવીયેટર સ્કુટરની ડેકીમાં મોબાઈલ ફોન કિમત રૂપિયા ૧૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૭૫,૦૦૦/- મતા હતી. આ અંગેની ફરીયાદ અભિષેક જૈને ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.ડી.ભટ્ટ ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૫૩૬/૧૮</u>**

**જીઆઈડીસી વટવાઃ** ઈન્દ્રમોહન સુખદેવ ઠાકુર (રહે. નીલકંઠ બંગ્લોઝ અન્નપુર્ણા હોટલ પાછળ જશોદાનગર) એ તા.૧૭/૦૩/૧૮ નારોજ જીઆઈડીસી વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ઈન્દ્રમોહન ઠાકુરના ઘરે કામ કરતા આરોપી માંગુનાથ રૂપનાથ ચૌહાણ (રહે. વિજયસદન સરદાર પટેલ સોસાયટી શ્રધ્ધા હોસ્પીટલ પાસે મણીનગર, મુળવતનગામ-ગામઠુ તા-સલુંબર જી-ઊદેપુર રાજ્ય રાજસ્થાન) તા.૧૩/૦૨/૧૮ પહેલા પોતાના ઘરમાંથી સોનાની બંગળી નંગ-૬ કિમત રૂપિયા ૨,૧૦,૦૦૦/-, સોનાની ચઈન કિમત રૂપિયા ૭૦,૦૦૦-, સોનાની વીંટી નંગ-૪ કિમત રૂપિયા ૩૫,૦૦૦/-, જુમખા ઘાટની બુટ્ટી બે જોડી કિમત રૂપિયા ૩૦,૦૦૦/-, બે જોડી સોનાની કાનની બુટ્ટી કિમત રૂપિયા ૧૫,૦૦૦/- અને સોનાનુ પેડલ કિમત રૂપિયા ૨૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩,૯૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ નાસી ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.એન.વાઘેલા ચલાવે છે.

**<u>સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૫૩૭/૧૮</u>**

**સાબરમતીઃ** લલીતભાઇ પ્રહલાદભાઇ પટેલ (ઉ.વ.૫૮) (રહે. દેવદત રેસીડેન્સી નરનારાયણ એપાર્ટમેન્ટની બાજુમાં ચેનપુરસાબરમતી) એ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૦૩/૧૮ કલાક ૯/૧૫ વાગ્યાના સુમારે લલીતભાઈના પત્ની પ્રગતીબહેન સાબરમતી શ્રીજી બંગલોઝની સામે ચેનપુરનજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ પ્રગતીબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૨૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ. શ્રી એ.જે.દેસાઇ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૫૩૮/૧૮</u>**

**ખોખરાઃ** અમિત ગ્યાનેશર પવાર (ઉ.વ.૩૨) (રહે. હનુમાનનગર વિભાગ-૨ પવીત્રકુંજ સોસાયટી સામે સી.ટીએમ ખોખરા) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૩/૧૮ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે એલ.જી.હોસ્પીટલમાં દખલ કરવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમ્યાન તા.૧૭/૦૩/૧૮ કલાક ૧/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુઆ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ. શ્રી આર.પી.મકવાણા ચલાવે છે.

**બાપુનગરઃ** ગીરીશભાઇ બાબુભાઇ પંડ્યા (ઉ.વ.૩૦) (રહે. હરીઓમ સોસાયટી વિભાગ-૨ રઘુનાથ સ્કુલ પાછળ બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૩/૧૮ કલાક ૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે રસોડામાં પંખાના હુકમાં સાડીબાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી બી.એસ.દેસાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.